# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-03-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Sunday** **National News**

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને રાષ્ટ્રના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કર્યા
- ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. તેઓ મેરઠમાં જનસભાને સંબોધશે.
- વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા (INDIA) દ્વારા આજે નવી દિલ્હીના રામલીલા મેદાનમાં લોકતંત્ર બચાવો રેલીનું આયોજન કરાયું છે.
- સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તી ભાઈઓ-બહેનો દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનર્જીવન પ્રસંગે આજે ઈસ્ટર પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.
- IPL ક્રિકેટમાં આજે અમદાવાદ ખાતે ગુજરાત ટાઇટન્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સાથે રમશે- મેચ 3.30 વાગે શરૂ થશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BHARAT RATNA - ADVANI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને રાષ્ટ્રના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કર્યા છે. રાષ્ટ્રપતિએ શ્રી અડવાણીને નવી દિલ્હી ખાતે તેમના નિવાસસ્થાને પુરસ્કાર અર્પણ કર્યો છે.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# PM – MEERUT

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. તેઓ મેરઠમાં જનસભાને સંબોધશે.

ભારતીય જનતા પાર્ટીએ ટીવી સીરિયલ રામાયણમાં રામના નામથી પ્રસિદ્ધ અરુણ ગોવિલને મેરઠ લોકસભા બેઠક પરથી ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાષ્ટ્રીય લોકદળના પ્રમુખ જયંત ચૌધરી અને ભારતીય જનતા પાર્ટીના અન્ય નેતાઓ હાજર રહેશે.

ઉત્તરપ્રદેશમાં સાત તબક્કામાં મતદાન થવાનું છે. ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન NDA એ કેન્દ્રમાં ફરી સત્તામાં આવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને આ માટે ઉત્તરપ્રદેશ મહત્તમ 80 સંસદીય બેઠકો સાથે મહત્વપૂર્ણ સાબિત થશે.

# INDIA-RALLY

વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા (INDIA) દ્વારા આજે નવી દિલ્હીના રામલીલા મેદાનમાં લોકતંત્ર બચાવો રેલીનું આયોજન કરાયું છે.

આ રેલીમાં કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ, શિવસેના – ઉદ્ધવ ઠાકરે જૂથ, સમાજવાદી પક્ષ, આમ આદમી પાર્ટી, રાષ્ટ્રીય જનતાદળ, દ્રવિડ મુનેદ્ર કઝગમ, નેશનલ કોન્ફરન્સ, ઝારખંડ મુક્તિ મોરચો, ડાબેરી પક્ષો અને અન્ય પક્ષોના મુખ્ય નેતાઓ ભાગ લીધો.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ રેલી વિષે માહિતી આપી કે, વધતી જતી મોંઘવારી, બેરોજગારી, આર્થિક અસમાનતા અને સામાજિક ધ્રુવીકરણ જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા ચાલી રહી છે.

# J&K-POLLING STATIONS

જમ્મુ અને કાશ્મીરમાં, જમ્મુ-રિયાસી સંસદીય મતવિસ્તારમાં લોકસભા ચૂંટણી પહેલા, 372 મતદાન મથકોને સંવેદનશીલ વિસ્તારો તરીકે ઓળખવા સાથે કડક સુરક્ષા પગલાં લાગુ કરવામાં આવી રહ્યા છે. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે સત્તાવાળાઓ સંસદીય મતવિસ્તારમાં, ખાસ કરીને સંવેદનશીલ તરીકે ચિહ્નિત થયેલ વિસ્તારોમાં મજબૂત સુરક્ષા તૈનાત માટે તૈયારી કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે કેટલાક સંવેદનશીલ મતવિસ્તારમાં, વહીવટીતંત્રે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે J&K પોલીસની સાથે સશસ્ત્ર સુરક્ષા દળોને તૈનાત કરીને વ્યાપક સુરક્ષા યોજના બનાવી છે.

# MAHA-CEO

મહારાષ્ટ્રમાં ચૂંટણી પંચે વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ મતદારો માટે ખાસ વ્યવસ્થા કરી છે.

આકાશવાણી સમાચાર વિભાગ સાથે વાત કરતા, મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી, એસ. ચોકલિંગમે જણાવ્યું છે કે, 85 વર્ષથી વધુ વયના વરિષ્ઠનાગરિકો અને દિવ્યાંગ મતદારો ઘરેથી મતદાન કરી શકે છે. ચૂંટણી પંચે દિવ્યાંગ મતદારોમાટે બ્રેઈલ મતદાર માહિતી સ્લિપની પણ વ્યવસ્થા કરી છે, એમતેમણે ઉમેર્યું હતું.

# GOA-STATE PROFILE

ગોવામાં લોકસભાની બે બેઠકો માટે 7 મેના રોજ મતદાન થશે. ગોવામાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન થશે. અમારા સંવાદદાતા જણાવે છે કે, ગોવામાં કુલ 11.72 લાખ મતદારો નોંધાયેલા છે જેમાં છ લાખથી વધુ સ્ત્રી છે જ્યારે 5.7 લાખ પુરૂષ મતદારો છે. ગોવાના મુખ્ય ચૂંટણી કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, તમામ મતદાન મથકો પર શેડ, પીવાનું પાણી, સ્વચ્છતા સુવિધાઓ, રેમ્પ, વ્હીલચેર અને હેલ્પ ડેસ્ક હશે.

# ELECTION OFFICIAL-SUSPENDED

તમિલનાડુમાં નીલગીરીના જિલ્લા ચૂંટણી અધિકારી એમ. અરુણાએ ચૂંટણી ફ્લાઈંગ સ્ક્વોડના એક અધિકારીને તેમની ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કરી દીધા છે.

મુખ્ય ચૂંટણી અધિકારી સત્યવ્રત સાહુની અખબારી યાદીમાં જણાવાયું છે કે, મીડિયામાં કેટલાક અહેવાલો આવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી કે, 25મી માર્ચે ડીએમકે નેતા એ રાજાના કાફલામાં સામેલ એક વાહનની આંતરરાજ્ય ચેકપોસ્ટ પર યોગ્ય રીતે તપાસ કરવામાં આવી ન હતી.

મીડિયા રિપોર્ટ્સ અને ત્યારપછીની તપાસના આધારે, સંબંધિત અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સમગ્ર તપાસ ટીમની બદલી કરવામાં આવી છે. વિડિયો સર્વેલન્સ ટીમો દ્વારા રેકોર્ડ કરાયેલા બે વીડિયો જોયા બાદ ખર્ચ નિરીક્ષકે પોતાનો રિપોર્ટ આપ્યો હતો.

# DAY IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે બે અલગ અલગ મેચમાં અમદાવાદ ખાતે ગુજરાત ટાઇટન્સ, સનરાઇઝર્સ હૈદરાબાદ સાથે ટકરાશે જ્યારે વિશાખાપટનમમાં દિલ્હી કેપિટલ્સ, ચેન્નાઇ સુપર કિંગ્સ સામે ટકરાશે.અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનાર મેચ બપોરે 3.30 વાગ્યે શરૂ થશે જ્યારે વિશાખાપટનમના વાય.એસ. રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં રમાનાર મેચ સાંજે 7.30 વાગે શરૂ થશે.

લખનૌ સુપર જાયન્ટ્સે ગઈ કાલે લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લીગની 11મી મેચમાં પંજાબ કિંગ્સને 21 રનથી હરાવ્યું હતું. લખનૌ સુપર જાયન્ટ્સે આપેલા 200 રનના લક્ષ્યાંકનો પીછો કરતા પંજાબ કિંગ્સે 20 ઓવરમાં પાંચ વિકેટે 178 રન બનાવ્યા હતા. પંજાબ કિંગ્સ માટે સુકાની શિખર ધવને સૌથી વધુ 70 રન અને જોની બેરસ્ટોએ 42 રન કર્યા હતા. પંજાબ કિંગ્સ તરફથી સેમ કુરેને 3 વિકેટ ઝડપી હતી.

ગઈકાલે રાત્રે રમાયેલી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરીને આઠ વિકેટે 199 રન કર્યા હતા. લખનૌ સુપર જાયન્ટ્સ માટે, ક્વિન્ટન ડી કોકે સૌથી વધુ 54 રન અને કૃણાલ પંડ્યાએ 43 રન કર્યા હતા. લખનૌ સુપર જાયન્ટ્સ માટે મયંક યાદવે ત્રણ વિકેટ ઝડપી હતી. મયંક યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

# SITHARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે, વર્તમાન નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં ભારતનો GDP દર આઠ ટકા કે તેથી વધુ વૃદ્ધિ પામશે.

મુંબઈમાં એક રોકાણ પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે, ફુગાવાના વ્યવસ્થાપન અને વ્યાપક આર્થિક સ્થિરતાના અસરને કારણે નાણાંકીય વર્ષ 2023-24 માટે અર્થતંત્ર આ દરે વૃદ્ધિ પામે તેવી શક્યતા છે.

નાણામંત્રીએ કહ્યું કે, ભારત એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં 8.4 ટકાની વૃદ્ધિ જોવા મળી હતી, જે અગાઉના ક્વાર્ટરમાં નોંધાયેલા 7.6 ટકાની વૃદ્ધિ કરતાં આગળ હતી. તેમણે કહ્યું કે, ત્રીજા ક્વાર્ટરમાં 8.4 ટકાના વિકાસ દર પછી, વિવિધ આર્થિક સંસ્થાઓએ ભારત માટે જીડીપી વૃદ્ધિ દરના અંદાજમાં વધારો કર્યો છે.

તાજેતરનો અંદાજ વૈશ્વિક નાણાકીય સંસ્થા ગોલ્ડમેન સૅક્સનો છે, જેણે ભારતીય અર્થતંત્ર માટે 2024ના આર્થિક વિકાસ દરના અંદાજને તેના અગાઉના અંદાજ કરતાં દસ બેસિસ પોઈન્ટ્સ વધારીને 6.6 ટકા કર્યો છે.

# REV. IMD - FORECAST

ભારતીય હવામાન વિભાગે આવતીકાલ સુધી અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદની સંભાવના છે. આગામી મહિનાની 5મી તારીખ સુધી ઉત્તરપૂર્વ ભારત, પેટા હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ગાજવીજ સાથે છૂટાછવાયા હળવા વરસાદ અને વીજળી પડવાનું ચાલુ રહેશે.

હવામાન વિભાગે આજે ઓડિશા, પશ્ચિમ બંગાળના ગંગા પ્રદેશ, ઝારખંડ, પૂર્વ મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠાવાડા, વિદર્ભ અને છત્તીસગઢમાં ગાજવીજ સાથે વાવાઝોડા, વીજળી અને તેજ પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ સુધી મધ્ય અને દ્વીપકલ્પના ભારતમાં ગરમીની સ્થિતિની સંભાવના છે. મધ્ય અને પૂર્વ ભારતના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન આગામી બે દિવસ દરમિયાન 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ વધવાની ધારણા છે.

દરમિયાન દિલ્હીમાં તેજ પવન સાથે આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી છે. રાષ્ટ્રીય રાજધાનીમાં આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.

# ED-KAILASH

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ EDએ ગઈકાલે દિલ્હીના પરિવહન મંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા કૈલાશ ગેહલોતની પાંચ કલાક પૂછપરછ કરી હતી. આ તપાસ દિલ્હી લિકર પોલિસી કૌભાંડ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસમાં હાથ ધરવામાં આવી હતી.

પૂછપરછ પછી પત્રકારો સાથે વાત કરતા, શ્રી ગેહલોતે કહ્યું કે, તેમણે એજન્સીના તમામ પ્રશ્નોના જવાબ આપ્યા છે અને ભવિષ્યમાં પણ તપાસમાં સહકાર આપશે. તેમણે કહ્યું કે, EDનું આ બીજું સમન્સ હતું. લગભગ એક મહિના પહેલા દિલ્હી વિધાનસભાના બજેટ સત્રના કારણે તેઓ પ્રથમ સમન્સ પર હાજર થઈ શક્યા ન હતા. દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ કહ્યું કે, પાર્ટીના મુખ્ય નેતાઓની ધરપકડએ દિલ્હીમાં ચૂંટાયેલી સરકારને તોડી પાડવાનું કાવતરું છે.